# એપ્રિલ–૨૦૧૭ થી જુન–૨૦૧૭

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧<br>૧૮/૦૧/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નિર્મલકુમાર ઈંગ્લેની તા.૧૯/૧૧/૧૬ (આઈ.ડી.નં.૧૭૮૦)થી મુદ્દા નં.(૧)આપના કાર્યક્ષેત્રમાં ખાદ્ય પદાર્થ નિર્માણ કરી પેકિંગ કરી વેચનારા એકમો કેટલા છે તેમના નામ આપશો (૨) આપના કાર્યક્ષેત્રમાં ખાદ્ય પદાર્થ નિર્માણ કરી વેચનારા કેટલા એકમોએ FSSAI નું લાયસન્સ મેળવેલ છે તેની સંપુર્ણ માહિતી નામ સરનામું,FSSAI લાયસન્સ નંબર સાથે આપશો વિગેરે બાબતે કુલ–૬ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૭<br>તા.૦૬/૦૬/૨૦૧૭ |
| ૨<br>૨૨/૦૩/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી ની તા.૦૨/૦૨/૧૭(આઈ.ડી.નં.૪૭૪)થી ભીમનગર ગરનાળાથી ડિંડોલી બસ સ્ટોપ સુધી મટન, ચીકનની દુકાનદારોને આપવામાં આવેલ લાયસન્સની નકલ (૨) કેટલા દુકાનદાર કાયદેસર છે ? (૩) કેટલા દુકાનદાર ગેરકાયદેસર છે ? (૪) હપ્તા વસુલી દુકાનદાર અધિકારીના નામ, સરનામા, હોદ્દા વિગેરે માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૭<br>તા.૨૭/૦૪/૨૦૧૭ |
| ૩<br>૦૬/૦૪/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિપુલ આર.દેસાઈની તા.૧૦/૦૧/૨૦૧૭ ની(આઈ.ડી.નં. ૭૯–૧૭) થી (૧) સ્મીમેર હોસ્પીટલમાં વર્ષે ૨૦૧૫ માં દાત વિભાગમાં ફરજ બજાવેલ સ્ટાફ નર્સનું નામ,કામગીરી અને ફરજ દરમ્યાન લીધેલી રજાની વિગતો અને રજાના પત્રકો અને રજાનું કારણ સાથે માહિતી આપશો.(૨) સ્મીમેર દાત વિભાગમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૬નું હાજરી પત્રક વિગેરે બાબતે માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૭<br>તા.૩૦/૦૪/૨૦૧૭ |
| ૪<br>૧૫/૦૪/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલની તા.૧૮/૦૩/૧૭ની(આઈ.ડી.નં.૨૭૭૪)થી સુરત મહાનગરપાલિકા (સુ.મ.પા.)માં કામ કરતા હોય તેવા અધિકારીઓ, કર્મચારીઓ માટે એલ.ટી.સી.(રજા પ્રવાસ રાહત)ના નાણાં મળવાના ધારા ધોરણો,ઠરાવો, વિગેરે બાબતની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૮<br>તા.૧૩/૦૬/૨૦૧૭ |
| ૫<br>૨૭/૦૪/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સચીન એચ.પટેલની તા.૦૮/૦૩/૧૭ ની(આઈ.ડી.નં.૨૬૮૯) અરજીથી ફુડ વિભાગ ધ્વારા છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલા ફુડ લાયસન્સોની માહિતી.(૨)ફુડ વિભાગ ધ્વારા લારી ઉપર ચાલતા ખાણી–પીણીના લાયસન્સો (લારીઓ)ને આપવામાં આવેલ હોય તેની વિગત કુલ–૬ મુદ્દાની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૬<br>તા.૦૫/૦૬/૨૦૧૭ |
| ૬<br>૧૨/૦૫/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી મુકેશ ગણપતલાલ રાણાની તા.૧૯/૦૪/૧૭ ની(આઈ.ડી.નં.૧૦૪)ની અરજીથી(૧) તા.૧૬/૦૪/૧૭ અને ૧૭/૦૪/૧૭ ની માનનીય વડાપ્રધાનશ્રી ની બે દિવસની સુરતની મુલાકાતને રોડ શો દરમ્યાન સુરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાન બનાવેલી તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?(૨) કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે વિગેરે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૫<br>તા.૦૫/૦૬/૧૭ |
| ૭<br>૧૬/૦૬/૧૭ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી મુમતાઝ સૈયદ આદમ ઈરાની ની તા.૨૪/૦૪/૧૭ ની(આઈ.ડી.નં.૧૨૬) ની અરજીથી સીટી સર્વે નંબરઃ ૧૨/૧૩૫૨ કે જે સાબરી મસ્જીદની સામે, મુગલીસરા,સુરત "બોમ્બે સીક પરાઠા" નામની હોટલ, કાયદા અનુસાર તમારા વિભાગમાં નોંધવામાં આવેલ છે કે કેમ? અને તે અંગે કોઈ પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તેની સંપૂર્ણ વિગત નકલ સાથે વિગેરે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૬<br>તા.૨૭/૦૬/૨૦૧૭ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૮<br>૧૭/૦૫/૧૭ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિક્રમસિંહ ગોપાલસિંહ પઢીયારની તા.૩૦/૦૩/૧૭ (આઈ.ડી.નં.૨૮૮૫)ની અરજીથી ખપાટિયા ચકલા ગિરધરલાલજીનો ખાંચો જે ગાયવાળાના ટેકરાથી ઓળખાય છે ત્યાં રખડતા ઢોર પર ફોજદારી રાહે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે, થોડા સમય પર સુપ્રસિધ્ધ દૈનિકમાં આપશ્રી તરફથી જણાવેલ કે પશુ–પાલકો પર ફોજદારી રાહે કાર્યવાહી થશે.જો તેના અનુસંધાનમાં કાર્યવાહી થઈ હોય તો તેની વિગત વિગેરે કુલ–૨ મુદ્દાઓની માહિતી બાબત | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૨<br>તા.૦૫/૦૭/૨૦૧૭ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/75/2016. Dt.18/01/2017.**
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ.

અરજદાર :– શ્રી નિર્મલકુમાર ઈંગ્લે.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફૂડ સેફટી ઓફિસરશ્રી (ફૂડ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની આરટીઆઈની તા.૧૯/૧૧/૧૬(આઈ.ડી.નં.૧૭૮૦)થી કરેલ અરજીના મુદ્દા નં.(૧)આપના કાર્યક્ષેત્રમાં ખાદ્ય પદાર્થ નિર્માણ કરી પેકિંગ કરી વેચનારા એકમો કેટલા છે તેમના નામ આપશો (૨) આપના કાર્યક્ષેત્રમાં ખાદ્ય પદાર્થ નિર્માણ કરી વેચનારા કેટલા એકમોએ FSSAI નું લાયસન્સ મેળવેલ છે તેની સંપુર્ણ માહિતી નામ સરનામું,FSSAI લાયસન્સ નંબર સાથે આપશો (૩) આપના વિભાગ ધ્વારા પદાર્થ નિર્માણ કરી પેકિંગ કરી વેચનારા કેટલા એકમોમાં નિરીક્ષણ કરવામાં આવેલ છે તે બધા જ નિરીક્ષણની વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધીના રીપોર્ટની પ્રમાણિત નકલ આપશો (૪)વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધી આપ ધ્વારા કેટલા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તેની સંપુર્ણ વિગતવાર માહિતી પ્રમાણિત નકલ આપશો(૫)ખાદ્ય પદાર્થ ઉત્પાદન કરી પેકિંગ કરી વેચાણ કરનારાઓ ધ્વારા પેકિંગ પ્રોડકટ પર કયા કયા મુદ્દાઓનો ઉલ્લેખ કરવો ફરજીયાત છે તેની સંપુર્ણ માહિતી આપશો.(૬)સદર વિષયને લગતા અધિકારીનું નામ અને સંપર્ક નંબર વિગેરે બાબતે કુલ–૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજીના ઉકત મુદ્દાઓના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા જાવક નં.પીએચડી/ફુડ/૪૨૦૨,તા.૧૪/૧૨/૨૦૧૬ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જે અનુસંધાને અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર મળેલ નથી એમ જણાવી નારાજ થઈ તા.૧૧/૦૧/૨૦૧૭ના રોજ અપીલ અધિકારી(ફુડ એન્ડ સેફટી)આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે, જે અરજી અત્રે તા.૧૮/૦૧/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદારે સમયમર્યાદામાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજગી દર્શાવેલ હોય,જે અનુસંધાને પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૮૦–૧/૨,તા.૧૯/૦૧/૧૭ થી મજકુર અરજદારને તથા ઈ.ચા.ચીફ ફૂડ સેફટી ઓફિસર(ફૂડ વિભાગ) પ્રતિ જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદારને પાઠવવામાં આવેલ પત્ર અનડીલીવર્ડ તરીકે પરત મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગને  પ્રાપ્ત થયેલ હતાં,જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ તરફથી તા.૨૧/૦૧/૧૭ ના રોજ લેખીત પુર્તતા રજુ કરવામાં આવેલ છે,અરજદારની આરટીઆઈની તા.૧૯/૧૧/૧૬ (આઈ.ડી.નં.૧૭૮૦)ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા ઉકત વિગતે મુદ્દા.નં.૧ થી ૬ પરત્વેની માહિતી અરજદારને સમયમર્યાદામાં રજી.પોસ્ટ એ.ડી.થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હતું,પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર કવર અનડીલીવર્ડ તરીકે પરત ફુડ વિભાગને પ્રાપ્ત થયેલ હોવાનું જણાવેલ હોય,અરજદારને માહિતી મળેલ ન હોવાનું માની શકાય.

અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૨,તા.૩૦/૦૧/૧૭ મુજબ તા.૦૭/૦૨/૧૭ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે,પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૭,તા.૧૦/૦૨/૧૭ મુજબ તા.૧૭/૦૨/૧૭ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૪,તા.૨૩/૦૨/૧૭ મુજબ તા.૦૭/૦૩/૧૭ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે,આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી, બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ,પરંતુ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અંગે અરજદારને મોકલવામાં ઉપરોકત તમામ પત્રો અનડીલીવર્ડ તરીકે પરત અત્રેની કચેરીને પ્રાપ્ત થતાં તેઓની અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણીમા હાજર રહી શકયા ન હોય આ બાબતે તા.૨૭/૦૩/૨૦૧૭ ના રોજ જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગ ધ્વારા અરજદાર સાથે થયેલ ટેલીફોનીક ચર્ચાનુસાર તેઓએ સરનામુ બદલેલ હોવા અંગેનો જાણ કરતો પત્ર અત્રે તા.૨૭/૦૩/૨૦૧૭ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કચેરીને રૂબરૂ પહોંચાડેલ જેમાં જણાવેલ **(એ/૧/૧૪,ઠાકોરનગર,એસ.એમ.સી.સ્કુલની પાસે,બી.આર.સી.સામે,ઉધના, સુરત–૩૯૪૨૧૦)**નવા સરનામા પર ફરીથી રૂબરૂ સુનાવણી અંગે અત્રેથી પત્ર.નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ ૦૩, તા.૧૨/૦૪/૧૭ મુજબ તા.૧૮/૦૪/૧૭ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે તથા પત્ર.નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૮, તા.૨૯/૦૪/૧૭ મુજબ તા.૦૫/૦૫/૧૭ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ હાજર રહેવા વધુ તક આપવામાં આવેલ હોવા છતાં પણ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હતા,જયારે ઉકત તમામ દિને ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહયા હતાં.

આમ અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ ઓફિસર તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૧૯/૧૧/૨૦૧૬ ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ ઓફિસર,ફુડ વિભાગ તરફથી અરજદારને સમયમર્યાદામાં રજી.પોસ્ટ એ.ડી.થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનુ જણાય છે,પરંતુ સદર કવર અનડીલીવર્ડ તરીકે પરત ફુડ વિભાગને પ્રાપ્ત થયેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે,પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારનો ટેલીફોનીક સંપર્ક કરી ટપાલ અનડીલીવર્ડ થયાનું કારણ જાણી શકયા હોત,જયારે અરજદાર ધ્વારા પણ તેઓનું સરનામુ બદલવામાં આવેલ હોય તો તેની જાણ કરવાની ફરજ હોવા છતાં તે બાબતની જાણ જાહેર માહિતી અધિકારી,ફુડ વિભાગને કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, તેમ છતાં આરટીઆઈ એકટની જોગવાઈ તેમજ હાર્દ અને હેતુ ધ્યાને લઈ સદર બાબતે અરજદારને તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી મળેલ ન હોવાનું માની અરજીના મુદ્દા.નં.૧ થી ૬ થી માંગેલ માહિતી પૈકીની ખાતા પાસે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આરટીઆઈ એકટની કલમ—૭(૬)હેઠળ અરજદારને તેઓનાં ઉકત જણાવેલ નવા સરનામે**(એ/૧/૧૪, ઠાકોરનગર,એસ.એમ.સી.સ્કુલની પાસે,બી.આર.સી.સામે, ઉધના,સુરત—૩૯૪૨૧૦)ખાતે** વિનામુલ્યે દિન—૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,ફુડ વિભાગને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા.      /૦૬/૨૦૧૭

આરોગ્ય અધિકારીશ્રી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/98/2017. Dt.22/03/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય )વિભાગ.

અરજદાર :– શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની આરટીઆઈની તા.૦૨/૦૨/૧૭(આઈ.ડી.નં.૪૭૪) ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આરટીઆઈ/૪૭૪ તા.૦૩/૦૨/૧૭ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી લિંબાયત (સાઉથ ઈસ્ટ ) ઝોન ધ્વારા ભીમનગર ગરનાળાથી ડિંડોલી બસ સ્ટોપ સુધી મટન, ચીકનની દુકાનદારોને આપવામાં આવેલ લાયસન્સની નકલ (૨) કેટલા દુકાનદાર કાયદેસર છે ? (૩) કેટલા દુકાનદાર ગેરકાયદેસર છે ? (૪) હપ્તા વસુલી દુકાનદાર અધિકારીના નામ, સરનામા, હોદ્દા વિગેરેની માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૫૬૭ તા.૧૩/૦૨/૧૭ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરવામાં આવે તેવી માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમ જણાવી નારાજ થઈ અરજદારે તા.૧૪/૦૩/૧૭ ના રોજ મ્યુનિ.કમિશનરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૨૨/૦૩/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૩(૧) તા.૨૩/૦૩/૨૦૧૭ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/ ૧૮૦૭ તા.૩૧/૦૩/૧૭ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે, જયારે અરજદાર ધ્વારા આજદિન સુધી કોઈ લેખિત પુર્તતા કરવામાં આવેલ નથી, જે અન્વયે અરજદારની અપીલ અરજી પરત્વે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ અપીલ/આઉટ/૦૨, તા.૦૭/૦૪/૧૭ મુજબ તા.૨૧/૦૪/૧૭ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા., આરોગ્ય ખાતુ મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું, તે મુજબ અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ વતી તેઓના પ્રતિનિધી શ્રી એસ.જે.શાહ(આરોગ્ય નિરીક્ષક) સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ, અરજદારની તા.૦૨/૦૨/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ આ બાબતે અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય અને રૂબરૂમાં માહિતીથી અવગત કરવામાં આવેલ હોય તથા માર્કેટ વિભાગના પ્રત્યુત્તરથી અરજદારે સંતોષ વ્યકત કરેલ હોય વિગેરે બાબતો ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૭

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,

૧) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી, ૧૦૭– કેવલ કોમ્પલેક્ષ, નવાગામ ડિંડોલી રોડ, ઉધના, સુરતની તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.
૨) જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ... જાણ સારૂ.
૩) નકલ રવાના :– આર.ટી.આઈ. સેલ પ્રતિ... જાણ સારૂ.

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/01/2017. Dt.06/04/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :– શ્રી વિપુલ આર.દેસાઈ

સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૦/૦૧/૨૦૧૭ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની (આઈ.ડી.નં. ૭૯–૧૭) ની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા જરૂરી કાર્યવાહી માટે મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજીથી (૧) સ્મીમેર હોસ્પીટલમાં વર્ષે ૨૦૧૫ માં દાત વિભાગમાં ફરજ બજાવેલ સ્ટાફ નર્સનું નામ,કામગીરી અને ફરજ દરમ્યાન લીધેલી રજાની વિગતો અને રજાના પત્રકો અને રજાનું કારણ સાથે માહિતી આપશો.(૨) સ્મીમેર દાત વિભાગમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૬નું હાજરી પત્રક આપશો.(૩) વર્ષ ૨૦૦૭ થી સ્મીમેરમાં દાત વિભાગમાં ફરજ બજાવતા જે કોઈ કર્મચારીએ રાજીનામું આપેલ હોય તેની નકલ અને રાજીનામું આપ્યા બાદ રાજીનામું પાછુ લીધેલ હોય તો તેની નકલ અને રીલીવિંગ લેટરની નકલ આપશો.(૪) વર્ષ ૨૦૦૭ થી સ્મીમેર માં દાત વિભાગમાં વિગતવાર દરેક વર્ષ પ્રમાણે MCI ની ગાઈડલાઈન કરતા વધારે ભરતી કરેલ સ્ટાફનુ નામ અને હોદ્દો અને કારણ સાથેની નકલો આપશો.(૫) વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીમાં સ્મીમેર હોસ્પીટલમાં દાંત વિભાગમાં કરવામાં આવેલ ભરતીની નકલો વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી,જે પૈકીની મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગને લાગત મુદ્દા.નં.૩ તથા (મુદ્દા.નં.૪ શરતચુકથી લખાયેલ છે),પરંતુ મુદ્દા.નં ૫ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૬૦, તા.૨૮/૦૨/૧૭ થી અરજદાર મજકુરને પૂરી પાડવામાં આવેલ હતી,જે મળેલ પ્રત્યુત્તરથી મુદ્દા.નં.૩ અને ૪ની માહિતી યોગ્ય પુરી પાડવામાં આવેલ નથી,માંગેલ જવાબની નકલો પ્રાપ્ત થાય તેવું જણાવી નારાજ થઈ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૩૧/૦૩/૧૭ના રોજ અપીલ અરજી કરેલ,જે અત્રેના વિભાગને તા. ૦૬/૦૪/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.

અરજદારની તા.૧૦/૦૨/૨૦૧૭ ની અરજી પરત્વે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને લાગત મુદ્દા નં.૩ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,(મુદ્દા.નં.૪ શરતચુકથી લખાયેલ છે)પરંતુ મુદ્દા નં.૫ બાબતે ડેન્ટલ સર્જનની કરેલ ભરતી સબબ કરવામાં આવેલ કચેરી હુકમની નકલના પાના કુલ–૦૨ વિનામુલ્યે અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું તથા પ્રસ્તુત મુદ્દા બાબતે તા.૦૪/૦૩/૨૦૧૭ ના રોજ ૧૧.૦૦ કલાકે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગની કચેરી અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ,સૈયદપુરા,સુરત ખાતે હાજર રહી રેકર્ડ તપાસણી કરી માહિતી મેળવી લેવા અનુકુળતા કરવા તેમજ તે સમયે ઉકત કોઈપણ મુદ્દા બાબતે અરજદારને શંકા/પ્રશ્ન કે અન્ય કોઈ સ્પષ્ટતાની જરૂરીયાત હોય તો તેનું રૂબરૂમાં નિરાકરણ કરવાનો પણ પ્રયાસ પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ અરજદાર ધ્વારા આજદિન સુધી રેકર્ડ તપાસણી અર્થે આવેલ હોવાનું જણાતું નથી વધુમાં,અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૪,તા.૧૩/૦૪/૧૭ મુજબ તા.૨૭/૦૪/૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩,તા.૦૫/૦૫/૧૭ મુજબ તા.૧૨/૦૫/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૧,તા.૧૯/૦૫/૧૭ મુજબ તા.૦૨/૦૬/૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો)અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ,પરંતુ ઉકત તમામ દિને અરજદાર હાજર રહયા ન હતાં,આમ રૂબરૂ રજુઆત માટે અરજદારને પુરતી તક આપવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી ઉકત તમામ દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર રૂબરૂમાં કરેલ રજુઆત વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારની તા.૧૦/૦૧/૨૦૧૭ ની આરટીઆઈ એકટ—૨૦૦૫ હેઠળની (આઈ.ડી.નં.૭૯—૧૭)ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા.નં.૩ પરત્વે આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે,તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ માહિતી/પ્રત્યુત્તર યોગ્ય જણાય છે.(પ્રત્યુત્તરમાં મુદ્દા.નં.૪ શરતચુકથી લખાયેલ છે),પરંતુ પુરી પાડવામાં આવેલ મુદ્દા.નં.૫ ની માહિતી બાબતે દાંત વિભાગ સાથે સીધી રીતે સંકળાયેલ આરોગ્ય વિભાગ હસ્તકની ડેન્ટલ સર્જન કેડરની ભરતી સબબ કરવામાં આવેલ કચેરી હુકમની નકલના કુલ—૦૨ પાના વિનામુલ્યે અરજદારને પુરા પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ ધ્વારા ભરતી અનુસંધાને આપવામાં આવેલ નિમણુંક બાબતે આરટીઆઈ એકટની કલમ—૭(૯) તથા ૨(જે) હેઠળની જોગવાઈને ધ્યાને રાખી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ તપાસણી કરી માહિતીનો ઉતારો કરી માહિતી મેળવી લેવા અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૦૪/૦૩/૧૭ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે આરોગ્ય મહેકમ વિભાગની કચેરી,અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમનાં બીજા માળે, સૈયદપુરા, સુરત ખાતે હાજર રહેવા માટે અનુકુળતા કરવા પણ જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર ધ્વારા રેકર્ડ તપાસણી માટે હાજર રહેયા હોવાનું જણાતું ન હોય,અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી,તેમ છતાં અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીશ્રીનો દિન—૦૭ માં આગોતરો સમય મેળવી આર.ટી.આઈ.એકટનાં નિયમ ૫(ખ)૨ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ સ્વિકારી નિયમાનુસાર ફી ભરપાઈ કરી રેકર્ડની તપાસણી કરી ઉતારો કરી તેવી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/અપીલ/આઉટ/
તા. /૦૬/૨૦૧૭

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/02/2017. Dt.15/04/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :– શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૮/૦૩/૨૦૧૭ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની (આઈ.ડી.નં.૨૭૭૪) ની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૬૫૪, તા.૨૨/૦૩/૨૦૧૭ થી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા(સુ.મ.પા.)માં કામ કરતા હોય તેવા અધિકારીઓ, કર્મચારીઓ માટે એલ.ટી.સી.(રજા પ્રવાસ રાહત)ના નાણાં મળવાના ધારા ધોરણો,ઠરાવો, નિતિ–નિયમો,વિનિયમો વિગેરેની(માહિતીનો સમયગાળો ૦૧ જાન્યુઆરી–૨૦૦૬ થી આજદિન સુધી.)(૨) વર્ષ દરમ્યાન શનીવાર,સોમવાર(તથા અન્ય વારો દરમ્યાન) આવતી જાહેર રજાઓ કે જયારે સુરત મહાનગરપાલિકામાં માત્ર હોસ્પીટલ, આરોગ્ય કે અન્ય ઈમરજન્સી વિભાગોમા ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને જે તે દિવસે પૂરા અથવા અડધા દિવસની ફરજ બજાવવની હોય છે,(જયારે આ સિવાયના અન્ય વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને પૂર્ણ દિવસ/દિવસોની રજા જાહેર કરવામાં આવેલી હોય) તો આવા ફરજના દિવસોની સામે/અવેજીમાં જે તે અધિકારીઓ/અને કર્મચારીઓને વળતર રજા,સી.એલ.રજા કે અન્ય કોઈ પણ મળવાપાત્ર રજાઓની વિગતવાર માહિતી ફાઈલ,નોટીંગ,શેરા સહિતની માહિતીની પ્રમાણિત નકલ વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત અરજીના અનુસંધાને માંગેલ મુદ્દાઓ પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૦૬ તા.૦૩/૦૪/૧૭ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જાણાય છે તથા મુદ્દા નં.૧ પરત્વેની નકલો મેળવવા બાબતે દસ્તાવેજી ચાર્જ રૂ.૬૬/–ભરપાઈ કરવા તથા મુદ્દા.નં.૨ થી માંગેલ બાબતે દસ્તાવેજી ચાર્જ રૂ.૦૪/–મળી કુલ રૂ.૭૦/–ભરપાઈ કરી નકલ મેળવી લેવા બાબતનો પ્રસ્તાવ સમયમર્યાદામાં અરજદારને આપેલ હોવાનું જણાય છે,તેમ છતાં અરજદારે તેઓની અરજીના મુદ્દા.નં.૨ પરત્વેની માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેવુ જણાવી નારાજ થઈ અપીલ સત્તાધિકારીશ્રીને ઉદ્દેશીને તા.૧૨/૦૪/૧૭ ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અત્રેના વિભાગને તા.૧૫/૦૪/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

મુદ્દા.નં.૨ થી જાહેર રજાઓમાં માત્ર હોસ્પીટલ, આરોગ્ય કે અન્ય ઈમરજન્સી વિભાગોમા ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને જે તે દિવસે પૂરા અથવા અડધા દિવસની ફરજ બજાવવની હોય છે,(જયારે આ સિવાયના અન્ય વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને પૂર્ણ દિવસ/દિવસોની રજા જાહેર કરવામાં આવેલી હોય)તો આવા ફરજના દિવસોની સામે/અવેજીમાં જે તે અધિકારીઓ અને કર્મચારીઓને વળતર રજા,સી.એલ.રજા કે અન્ય કોઈ પણ મળવાપાત્ર રજાઓની વિગતવાર માહિતી બાબતે અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા અર્બન હેલ્થ સેન્ટર ખાતે તમામ શનિવારે અડધો દિવસ ફરજ બજાવવાનો તથા વર્ષ દરમ્યાન કુલ–૧૦ જાહેર તહેવારોના દિવસોએ આખા દિવસની રજાનો તેમજ તે સિવાયની જાહેર તહેવારની રજાના દિવસે અડધા દિવસની રજાનો ઉલ્લેખ જણાતો હોય,જયારે અન્ય માહિતી બાબતે હાલના તબકકે કોઈ નિર્દેશ હોવાનું જણાતુ નથી તે મુજબનું પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જે સુસંગત જણાય છે.આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત બાબતેની અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ અપીલ/આઉટ/૦૯, તા.૨૯/૦૪/૧૭ મુજબ તા.૦૫/૦૫/૧૭ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે એપેલેટ ઓફિસર અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ),સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ,પરંતુ અરજદાર ધ્વારા અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતે મળેલ સમયગાળો ખુબ ઓછો હોવાનું જણાવી નવી તારીખ મુકરર કરવા બાબતનો પત્ર અત્રેની કચેરીને તા.૦૮/૦૫/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ હતો,જે ધ્યાને લઈ અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૬, તા.૧૦/૦૫/૧૭ મુજબ તા.૦૨/૦૬/૧૭ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે એપેલેટ ઓફિસર અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ),સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ તે મુજબ અરજદાર તથા મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારની તા.૧૮/૦૩/૧૭ ની અરજી (આઈ.ડી.નં.૨૭૭૪) થી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરમધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગ તરફથી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવામાં આવેલ હોવાનું જણાય છે, અરજીના મુદ્દાઓ પરત્વે આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે)હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે,જયારે અરજીના મુદ્દા.નં.૧ અને ૨ ની અન્ય માહિતી બાબતની નકલ મેળવવા બાબતે નિયમોનુસાર ફી ભરપાઈ કરવા જણાવેલ હોય, પરંતુ અરજદાર ધ્વારા નકલ મેળવવા ફી ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, અરજદાર જો ઈચ્છુક હોય તો માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ના નિયમ—૫(ખ)(૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ સ્વીકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૨૮
તા.૧૩/૦૬/૨૦૧૭

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/05/2017. Dt.27/04/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય )વિભાગ.

અરજદાર :– શ્રી સચીન એચ.પટેલ
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી (ફુડ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સચીન એચ.પટેલ ની આરટીઆઈની તા.૦૮/૦૩/૧૭ ની(આઈ.ડી.નં.૨૬૮૯) ની અરજી એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી ના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૨૬૮૯, તા.૦૯/૦૩/૧૭ થી ફુડ સેફટી ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.ઉકત અરજીથી (૧) ફુડ વિભાગ ઘ્વારા છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલા ફુડ લાયસન્સોની માહિતી.(૨)ફુડ વિભાગ ઘ્વારા લારી ઉપર ચાલતા ખાણી–પીણીના લાયસન્સો (લારીઓ)ને આપવામાં આવેલ હોય તેની વિગત (૩) છેલ્લા બે વર્ષમાં આપના વિભાગ ઘ્વારા લેવામાં આવેલા સેમ્પલો તથા તેના રીપોર્ટની નકલો (૪)છેલ્લા પાંચ વર્ષમાં થયેલ કેસો (ફુડ વિભાગ)ની માહિતી (૫)આપના વિભાગમાં ફરજ બજાવતા ફુડ ઈન્સપેકટરોની વિસ્તાર સહિતની માહિતી (૬)છેલ્લા ૫ વર્ષમાં સુરત શહેરમાં ડેરીઓ અને બેકરીઓ ઉપર કરવામાં આવેલ કેસોની વિગત(દંડ સહિતની) વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અન્વયે ચીફ ફુડ સેફટી ઓફીસર અને જાહેર માહિતી અધિકારી(ફુડ વિભાગ) ઘ્વારા પત્ર જા.નં.પીએચડી/ફુડ/૧૮૮ તા.૧૮/૦૪/૧૭ થી અરજદાર મજકુરને સમયમર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જે મળેલ પ્રત્યુત્તર સમયસર ન મળવાના કારણે નારાજ થઈ અરજદારે તા.૧૫/૦૪/૧૭ ના રોજ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે,જે અત્રે તા.૨૭/૦૪/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદારને પ્રત્યુત્તર સમયસર ન મળવાને કારણે નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૦,તા.૨૯/૦૪/૨૦૧૭ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર(ફુડ વિભાગ)પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફીસર (ફુડ વિભાગ) તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૨૯૦,તા.૨૭/૦૪/૧૭ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જયારે અરજદાર ઘ્વારા આજદિન સુધી કોઈ લેખિત પુર્તતા કે રજુઆત કરવામાં આવેલ ન હોય અરજદારની અપીલ અરજી પરત્વે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૪, તા.૦૯/૦૫/૧૭ મુજબ તા.૧૨/૦૫/૧૭ ના રોજ સાંજે ૦૫ઃ૦૦ કલાકે આરોગ્ય અધિકારીશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મહાનગરપાલિકા, આરોગ્ય ખાતુ,મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું,પરંતુ ઉકત દિને અરજદાર હાજર રહયા ન હોય,ફરીથી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અરજદારને અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ આઉટ/૧૯ , તા.૧૭/૦૫/૧૭ મુજબ તા.૨૫/૦૫/૧૭ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ કલાકે આરોગ્ય અધિકારીશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકા,આરોગ્ય ખાતુ,મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું, જે સંદર્ભે અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ વતી તેઓના પ્રતિનિધી શ્રી ડી.કે.પટેલ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ઘ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ઘ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૮/૦૩/૧૭ ની(આઈ.ડી.નં.૨૬૮૯) ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ઘ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ પરત્વેની માહિતી સમયમર્યાદા બાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે અરજીના મુદ્દા.નં.૩ બાબતે જાહેર માહિતી અધિકારી ઘ્વારા રેકર્ડ તપાસણી કરવા અંગેનો આપેલ પ્રસ્તાવ અન્વયે અરજદાર ઘ્વારા તા.૦૫/૦૪/૨૦૧૭ ના રોજ રેકર્ડ તપાસણી કરેલ હોય તદઉપરાંત અરજદાર ઘ્વારા રૂબરૂ સુનાવણી સમયે ફુડ વિભાગ ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીથી સંતોષ વ્યકત કરેલ હોય,તથા કોઈ વધારાની માહિતીની જરૂર ન હોવાનું જણાવેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.વધુમાં ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગને તાકીદ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૫/૨૦૧૭

આરોગ્ય ઓફિસરશ્રી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/09/2017. Dt.12/05/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય )વિભાગ.

અરજદાર :— શ્રી મુકેશ ગણપતલાલ રાણા.
સામાવાળાઃ— સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણાની આરટીઆઈની તા.૧૯/૦૪/૧૭ ની(આઈ.ડી.નં.૧૦૪) ની અરજી એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૧૦૪, તા.૧૯/૦૪/૧૭ થી સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારની ઉકત અરજીથી (૧) તા.૧૬/૦૪/૧૭ અને ૧૭/૦૪/૧૭ની માનનીય વડાપ્રધાનશ્રીની બે દિવસની સુરતની મુલાકાતને રોડ શો દરમ્યાન સુરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાન બનાવેલી તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?(૨) કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે ?(૩) કેટલી જગ્યાએ રોશની કરવામાં આવેલી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે ?(૪) મા. વડાપ્રધાનના જાહેર ખબરના કેટલા હોર્ડિંગ્સ—કયાં કયાં મુકવામાં આવેલા અને તેની પાછળ કોર્પોરેશનને કેટલો ખર્ચ થયો છે ?(૫) સ્ટેજ બનાવેલા તેનું કેટલું ભાડું કોર્પોરેશનમાં જમા થયુ છે ?વિગેરે બાબતે કુલ—૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે માહિતીના કોઈ પણ મુદ્દાઓ મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)ને લાગત જણાતા ન હોય અને તે મુદ્દાઓ નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ને લાગત જણાતા હોય,ઉકત અરજી સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર જા.નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/આઉટ/૨૪, તા.૨૬/૦૪/૧૭ થી અરજદારની જાણ હેઠળ આરટીઆઈ એકટ નિયમ—૪(૨) અન્વયે "નમુના—ઘ" માં અરજદારની અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી,પરંતુ અરજદારે "નમુના –'ક' ના અનુસંધાને માહિતી આપવામાં આવી નથી,તમામ ડેપ્યુટીના જે અને જેવા જવાબો મળેલ" હોવાનું જણાવી તા.૦૯/૦૫/૧૭ થી જુદા—જુદા વિભાગોને ઉદ્દેશીને મ્યુની.કમિશ્નરશ્રી અપીલ અધિકારીશ્રી,સુરત મહાનગર સેવા સદનને અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૬૧, તા.૦૯/૦૫/૧૭ થી મોકલેલ છે,જે અત્રેના વિભાગને તા.૧૨/૦૫/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અત્રેથી જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવવામાં આવેલ છે,જે મુજબ તેઓની નિયુકિત ફકત મધ્યસ્થ મહેકમ (આરોગ્ય),વિભાગના જાહેર માહિતી અધિકારી તરીકે થયેલ હોય તથા મજકુર અરજદારની અરજીથી માંગેલ મુદ્દાઓ મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગને લાગત જણાતા ન હોય અને તે મુદ્દાઓથી માંગેલ માહિતી સબબ આરોગ્ય વિભાગ ધ્વારા કોઈ ખર્ચ કે કામગીરી કરવામાં આવેલ હોવાની શકયતાઓ ધ્યાને લઈ તેવી માહિતી સદર વિભાગ પાસેથી મળી શકશે તેવી શકયતાને ધ્યાને લઈ આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી એટલે કે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ને અરજદારની અરજી સંપુર્ણ તબદીલ કરવાનો પ્રમાણિક પ્રયાસ કરેલ હોવાનું જણાવેલ છે,જે કરેલ કાર્યવાહી ઉચિત જણાય છે.આમ સદર કામગીરી આરોગ્ય વિભાગ મારફત થઈ હોવાની શકયતા ધ્યાને લઈ આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ને અરજી અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ હોય,અરજદારને માહિતી મળી રહે તે આશયથી જાહેર માહિતી અધિકારીએ તેઓની ફરજ યોગ્ય રીતે નિભાવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની તા.૧૯/૦૪/૧૭ ની અરજીથી માંગવામા આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)ના સત્તામંડળના કાર્યો સાથે સંકળાયેલ ન હોય તથા તે અરજીના મુદ્દાઓ જે સત્તામંડળ સાથે સંકળાયેલ હોવાની શકયતા જણાયેલ હોય,તે સંબંધિત સત્તામંડળને અરજદારની ઉકત અરજી આરટીઆઈ એકટના નિયમ—૪(૨) અન્વયે "નમુના—ઘ" માં સંબધિત વિભાગને અરજદારની જાણ હેઠળ અરજી સંપુર્ણ તબદીલ કરવાની કાર્યવાહી ઉકત વિગતે ઉચિત જણાતી હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી હોવાનું જણાતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૬/૨૦૧૭

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/20/2017. Dt.16/06/2017.**
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ.

અરજદાર :– શ્રી મુમતાઝ સૈયદ આદમ ઈરાની.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની તા.૨૪/૦૪/૧૭ ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૨૬)જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૨૬ તા.૨૫/૦૪/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરને તબદીલ કરવામાં આવેલ અરજીથી મુદ્દા નં.(૧) સીટી સર્વે નંબરઃ ૧૨/૧૩૫૨ કે જે સાબરી મસ્જીદની સામે,મુગલીસરા,સુરત "બોમ્બે સીક પરાઠા" નામની હોટલ, કાયદા અનુસાર તમારા વિભાગમાં નોંધવામાં આવેલ છે કે કેમ? અને તે અંગે કોઈ પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તેની સંપૂર્ણ વિગત નકલ સાથે (૨) સદર ઉપરોકત મુદ્દા નં.૧ માં જે હોટલ ચાલે છે તેની ચકાસણી છેલ્લે આરોગ્ય વિભાગ ધ્વારા કયારે કરવામાં આવેલ તેની વિગત અને તેમાં શું પગલાં ભરવામાં આવેલા તેની વિગતો (૩) જો કોઈ હોટલ ચલાવવાનું પ્રમાણપત્ર કોઈ મરણ પામનાર ઈસમના નામે ચાલતું હોય તો તે વિરુઘ્ધ સુરત મહાનગરપાલિકા શું પગલાં લઈ શકે તેની વિગતો (૪) સદર ઉપરોકત મુદ્દા નં.૧ ચાલતી હોટલની સ્થળ તપાસ કરી ફૂડ લાઈસન્સ ઈશ્યૂ કરવામાં આવેલ છે કે કેમ તેની વિગત વિગેરે બાબતે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અરજીના મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર.નં.પીએચડી/ફુડ/૫૪૩,તા.૧૨/૦૫/૧૭ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જે અનુસંધાને અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા નમુના "ક" ની અરજી સાદર કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય કે માહિતી આપેલ નથી તેમ જણાવી નારાજ થઈ તા.૦૨/૦૬/૨૦૧૭ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી માહિતી અધિકારી,ફુડ વિભાગ સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે, જે અરજી અત્રે તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.

આરટીઆઈની તા.૨૪/૦૪/૧૭ ની(આઈ.ડી.નં.૧૨૬) અરજીના અનુસંધાને ચીફ ફુડ સેફટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૫૪૩, તા.૧૯/૦૫/૧૭ થી ફુડ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ થી ૪ પરત્વેની રેકર્ડ આધારીત માહિતી સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ,પરંતુ રજી.પોસ્ટ એ.ડી.થી અરજદારના જણાવેલ સરનામે મોકલવામાં કવર અનડીલીવર્ડ તરીકે ફુડ વિભાગને પરત મળેલ હોય તેઓની ઉકત અરજી પરત્વેની માહિતી અરજદારને પ્રાપ્ત થયેલ ન હોવાનું માની શકાય.

આમ અરજદારની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૨૪/૦૪/૨૦૧૭ ની (આઈ.ડી.નં.૧૨૬) અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ તરફથી અરજદારને સમયમર્યાદામાં રજી.પોસ્ટ એ.ડી.થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,સદર પત્ર અનડીલીવર્ડ તરીકે પરત ફુડ વિભાગને પ્રાપ્ત થયેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે જણાવેલ છે,પરંતુ જાહેર માહિતી અધિકારી આ બાબતે અરજદારનો ટેલીફોનીક સંપર્ક કરી ટપાલ અનડીલીવર્ડ થયાનું કારણ જાણી શકયા હોત,જયારે આરટીઆઈ એકટની જોગવાઈ તેમજ હાર્દ અને હેતુ ઘ્યાને લઈ અરજદારની આરટીઆઈની અરજીથી માંગેલ મુદ્દા.નં.૧ થી ૪ પરત્વેની ખાતા પાસે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારને પુરી પાડવા માટે તેઓનો ટેલીફોનીક સંપર્ક કરી સરનામાંની ખરાઈ કરી અથવા તો તેઓ જણાવે તે સરનામે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા.    /૦૬/૨૦૧૭

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/11/2016. Dt.17/05/2017.**
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ.

અરજદાર ::– શ્રી વિક્રમસિંહ ગોપાલસિંહ પઢીયાર,

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી વિક્રમસિંહ ગોપાલસિંહ પઢીયારની આરટીઆઈની તા.૩૦/૦૩/૧૭ (આઈ.ડી.નં.૨૮૮૫)ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ,નાગરિક સુવિધા કેન્દ્ર,સુરત મહાનગરપાલિકા ધ્વારા માર્કેટ વિભાગને પત્ર નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૮૮૫,તા.૩૧/૦૩/૨૦૧૭ થી તબદીલ કરવામાં આવેલ અરજી તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ માર્કેટ વિભાગને પ્રાપ્ત થયેલ હતી,જે અરજીથી(૧) ખપાટિયા ચકલા ગિરધરલાલજીનો ખાંચો જે ગાયવાળાના ટેકરાથી ઓળખાય છે ત્યાં રખડતા ઢોર પર ફોજદારી રાહે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે, થોડા સમય પર સુપ્રસિધ્ધ દૈનિકમાં આપશ્રી તરફથી જણાવેલ કે પશુ–પાલકો પર ફોજદારી રાહે કાર્યવાહી થશે.જો તેના અનુસંધાનમાં કાર્યવાહી થઈ હોય તો તેની વિગત (૨) ગીચ વસ્તી વચ્ચે આ વિસ્તાર આવેલ છે, ઉપર જણાવેલો માર્ગ કોઈ ઠરાવ કરી ફાળવી આપવામાં આવેલ છે કે ભાડે પટે આપવામાં આવ્યો છે, લેખિત કે મૌખિક ઢોર બાંધવા અંગે કોઈ મંજુરી આપવામાં આવી હોય તો તેની માહિતી વિગેરે બાબતે કુલ–૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૧૦, તા.૧૭/૦૪/૨૦૧૭ થી માર્કેટ વિભાગને લાગત મુદ્દા.નં.૧ પરત્વેની માહિતી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ,જે મળેલ પ્રત્યુત્તરથી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ )ધ્વારા અસ્પષ્ટ અને ગોળ ગોળ અસંતોષકારક જવાબ મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૨/૦૫/૨૦૧૭ ના રોજ અપીલ સત્તાધિકારી,ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ)શ્રી આરોગ્ય વિભાગને ઉદ્દેશીને કરેલ અરજી અત્રે તા.૧૭/૦૫/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

આરટીઆઈની ઉકત અરજીના મુદ્દા નં.૧ પરત્વેની માહિતી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે,પરંતુ ખપાટીયા ચકલા, ગિરધરલાલજીના ખાચામાં રખડતા ઢોર બાબતે પશુ પાલકો સામે માર્કેટ વિભાગ ધ્વારા અરજીની તારીખ સુધી કોઈ ફોજદારી રાહે કાર્યવાહી/ફરીયાદ કરવામાં આવેલ હોય તો તે અંગેની માહિતી અરજદારને પુરી પાડવાની રહે છે,જયારે અરજીના મુદ્દા.નં.૨ પરત્વેની માંગેલ માહિતી માર્કેટ વિભાગને લાગત ન હોવાનું જણાતાં જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/માર્કેટ/૨૭, તા.૦૪/૦૪/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી,સેન્ટ્રલ ઝોન પ્રતિ અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ મુદ્દા.નં.૨ પરત્વેની માંગેલ માહિતી બાબતે માર્કેટ વિભાગ તરફથી ઢોર બાંધવા અંગે કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તો તે અંગેની રેકર્ડ આધારીત આંશીક માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

અરજદારને મળેલ પ્રત્યુત્તરથી નારાજગી દર્શાવેલ હોય તે સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૨૦, તા.૧૮/૦૫/૧૭ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ )પ્રતિ જણાવવામાં આવેલ હતું,તે અન્વયે મજકુર અરજદાર ધ્વારા લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે "જાહેર માહિતી અધિકારીને અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર માહિતી આપવામાં આવેલ છે જે અસ્પષ્ટ છે અને ગોળ ગોળ જવાબ આપી પ્રશ્નનો સંતોષકારક જવાબ આપેલ નથી,અધુરો આપેલ છે, ગિરધરલાલજીના ખાચામાં પશુપાલન (ઢોર) રાખનાર પર ફોજદારી રાહે કોઈ કાર્યવાહી થઈ હોય તે માહિતી આપી નથી તેમજ પ્રશ્ન–૨ નો જવાબ આપેલ નથી " તેમ જણાવેલ છે,જયારે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ )ધ્વારા તા.૨૦/૦૫/૧૭ ના રોજ અપીલ અરજી પરત્વેની લેખીત પુર્તતા રજુ કરેલ છે.

અપીલ અરજી અન્વયે અરજદાર ધ્વારા કરવામાં આવેલ લેખીત પુર્તતા તેમજ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા કરવામાં આવેલ લેખીત પુર્તતા ધ્યાને લઈ બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર

રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૨૨, તા.૩૧/૦૫/૧૭ મુજબ તા.૦૯/૦૬/૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુગલીસરા સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ વતી તેઓના પ્રતિનિધી શ્રી કિશોરભાઈ બી.વાળંગર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તેઓશ્રીના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની તા.૩૦/૦૩/૧૭ (આઈ.ડી.નં.૨૮૮૫) ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ (માર્કેટ વિભાગ) તરફથી મુદ્દા.નં.૧ પરત્વે સુરત મહાનગરપાલિકા ધ્વારા રખડતા ઢોરોને પકડી પાડી ઢોર ડબ્બામાં પુરવામાં આવે છે અને ઢોર માલિકો ધ્વારા તેમના ઢોર પરત કરવાની માંગણી કરતા તેમનું પુરુ નામ , સરનામું, ઓળખપત્ર વગેરે મેળવી તેમના પુરાયેલા ઢોરના આઈ.ડી.નંબર સાથે તુમારો યોગ્ય પોલીસ કાર્યવાહી અર્થે ઢોર ડબ્બા કચેરીથી મોકલી આપવામાં આવે છે તે અનુસંધાનમાં પોલીસ ખાતા ધ્વારા સહવિવેક બુધ્ધિથી કાયદાઓની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે તે મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ ખપાટીયા ચકલા, ગિરધરલાલજીના ખાચામાં રખડતા ઢોર બાબતે પશુ પાલકો સામે માર્કેટ વિભાગ ધ્વારા અરજીની તારીખ સુધી કોઈ ફોજદારી રાહે કાર્યવાહી/ફરીયાદ કરવામાં આવેલ હોય તો તે અંગેની માહિતી અરજદારને પુરી પાડવાની રહે છે,અન્યથા જો માહિતી "નીલ" હોય તો તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પાઠવવાનો રહે છે તથા મુદ્દા.નં.૨ થી માંગેલ ખપાટીયા ચકલા,ગીરધરલાલના ખાંચામાં આવેલ વિસ્તાર/ માર્ગ અંગે કોઈ ઠરાવ કરી ભાડા પેટે ફાળવણી કરવા બાબતની માંગેલ માહિતી માટે માર્કેટ વિભાગ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન પ્રતિ આંશિક માહિતી અરજદારને પુરી પાડવા માટે અરજી તબદીલ કરેલ હોવાનું જણાય છે,જયારે મુદ્દા.નં.૨ પરત્વેની માંગેલ માહિતી બાબતે માર્કેટ વિભાગ તરફથી ઢોર બાંધવા અંગે કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તો તે અંગેની રેકર્ડ આધારીત આંશીક માહિતી અરજદારને દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ અરજદારને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ) ને હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૭

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# જાન્યુઆરી–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૭<br>૨૦/૧૨/૧૭ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૦૬/૧૧/૨૦૧૭ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં. ૧૭૨૦)થી ઝુપડા નં.૫૬૮૭,બાપુનગર ઝુપડપટ્ટી, અંકુર સોસાયટીની બાજુમાં,રીવર ફ્રન્ટની સામે,મક્કાઈ પુલ ચાર રસ્તા ઉપર સાદીકભાઈ અલીભાઈ અમદાવાદી(પટેલ)ના સ્ટાર એકતાના નામથી ચાલતા મિનરલ વોટર તથા પીવાના પાણીના પાઉચના પ્લાન્ટ અંગે અન્સારી અનીસુર રહમાનનાઓએ તા.૧૪/૦૯/૧૭ ના રોજ શ્રી હેમંત એસ.દેસાઈ સાહેબ,ડેપ્યુટી કમીશ્નરશ્રીને આપેલ અરજીની નકલ વિગેરે બાબતે કુલ–૦૪ મુદ્દાઓની મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૬<br>તા.30/01/2018 |
| ૨૮<br>૦૩/૦૧/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૧૫/૧૧/૨૦૧૭ (આઈ.ડી. નં.૧૭૭૪)થી સુરત મહાનગર પાલિકા ધ્વારા પોતાની માહિતી/કામગીરી જે કોઈ માધ્યમ (વેબસાઈટ,/ન્યુઝ પેપર કે અન્ય ધ્વારા કરવા માટે જરૂરી **PROACTIVE DISCLOSURES** માટેના નીતિનિયમો ઠરાવો, કાયદાઓ, ધારાધોરણો વગેરે અંગેની ફાઈલ નોટીગ શેરા વગેરે સહિતની (૧/૧૧/૨૦૦૫ થી આજ દીન) સુધીની પ્રમાણિત નકલોની માહિતીની બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૨<br>તા.18/01/2018 |
| ૨૯<br>૨૨/૦૧/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૨૧/૦૯/૨૦૧૭ ની અરજી(આઈ.ડી.નં.૧૪૫૩)થી અડાજણ સહિત અન્ય દુકાનોમાંથી નમુના લેવામાં આવ્યા, જે દુકાનોના નામ, સરનામાં રાજકોટ લેબોરેટરીમાં ટેસ્ટિગ માટે મોકલવામાં આવ્યા વિગેરે નકલ સહિત કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૭<br>તા.15/02/2018 |
| ૩૦<br>૨૨/૦૧/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૨૮/૧૧/૨૦૧૭ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૮૫૯)થી ઝુપડા નં.૫૬૮૭,બાપુનગર ઝુપડપટ્ટી, અંકુર સોસાયટીની બાજુમાં,રીવર ફ્રન્ટની સામે,મક્કાઈ પુલ ચાર રસ્તા ઉપર સાદીકભાઈ અલીભાઈ અમદાવાદી(પટેલ)ના સ્ટાર એકતાના નામથી ચાલતા મિનરલ વોટર તથા પીવાના પાણીના પાઉચના પ્લાન્ટ ઉપર સીલ મારવામાં આવેલ હોવા છતા પ્લાન્ટ સીલ હોવા છતા ચાલતો હોવાની તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ આપેલ અરજીની નકલ વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૫<br>તા.30/01/2018 |
| ૩૧<br>૧૯/૦૨/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૧૬/૧૦/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ. ડી.નં.૯૨૯)થી ફુડ વિભાગ ધ્વારા કોઈ નકકી કરેલ સમયમર્યાદામાં ચેકીગ કરવામાં આવે છે અધિકારીશ્રીઓ ઈચ્છા થાય ત્યારે ચેકીગ કરે અથવા તો કોઈ નાગરીક કરીયાદ કરે તો તેની તપાસ કરવામાં આવે છે આ પ્રોસેસ કોઈ હપ્તા નકકી કરવામાં આવ્યા છે? અનેક વખતે અરજી કરી પછી પણ તેનો ઉકેલ ન આવે તો કોની સામે ફરીયાદ કરી શકાય" વિગેરે કુલ–૧૧ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૧<br>તા.09/03/2018 |
| ૩૨<br>૦૩/૦૧/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૦૧/૧૧/૨૦૧૭ ની આરટીઆઈની અરજી (આઈ. ડી. નં.૯૫૦) થી કરંજ તથા વરાછા અર્બન હેલ્થ સેન્ટરની વસ્તી, વિસ્તારની રેકર્ડ આધારીત માહિતી, આ વસ્તીમાં ૯ થી ૧૯ વર્ષ ઉમર પ્રાપ્ત કરનાર ફકત કિશોરીઓની માહિતી વિગેરે બાબતે કુલ–૧૧ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૬<br>તા.10/04/2018 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૩<br>૧૦ /૧૧/૧૭ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૧૧/૦૧/૨૦૧૮ (આઈ.ડી.નં.૨૨૦૮) થી રીસેસના સમય મર્યાદાના પરિપત્રપર અમલ નહિં કર્યાની માહિતી પુરી પાડો વિગેરે સહિતની કુલ–૨૨ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૩<br>તા.05/04/2018 |
| ૩૪<br>૦૮ /૦૩/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ અરજદાર ધ્વારા તા.૩૧/૧૨/૧૭ ની(આઈ.ડી.નં.૩૫૧) થી (A) Please provide a certified copy of Documents showing Amount Spend Under Swachh Bharat Mission From Surat Municipal Corporation by Year wise for 5 Years(2011-2012 to 2016-2017), (B) Please Provide a certified copy of Documents showing Amount/Grant Received from central and state Govt Under Swachh Bharat mission for Surat Swachh mission by Year wise for last 5 years (2011-2012 to 2016-2017),(C) Please Provide a certified copy of Documents showing Amount offered to Surat Municipal Corporation by central and State Govt under Swachh Bharat mission by Year wise for last 5 years (2011-2012 to 2016-2017), (D) Please Provide a certified copy of Documents showing terms and condition for swachh Bharat mission work, percentage of Grant which offered by Central and state Govt Guideline for how to spend Amount under Swachh Bharat Mission, Guideline for how to claim Amount under Swachh Bharat Mission વિગેરે બાબતની કુલ–૦૪ માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૪<br>તા.૦ ७/04/2018 |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/52/2017. Dt.06/11/17.**

**આરોગ્ય વિભાગ.**

અરજદાર ::–

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૧/૧૨/૨૦૧૭ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૩૩, તા.૧૨/૧૨/૨૦૧૭ થી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,ફુડ ખાતાને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૨૮૬૫,તા.૧૯/૧૨/૧૭ થી આરટીઆઈની અરજી,અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,અરજદારની તા.૦૬/૧૧/૨૦૧૭ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૭૨૦)પરત્વેની માહિતી નમુના 'ક' ની અરજી સાદર કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમજ સદર માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ નથી તેમ જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૦૬/૧૧/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સપેકટર,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી., નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૭૨૦, તા.૦૭/૧૧/૧૭ મુજબ ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારની નમુના "ક" ની અરજીથી ઝુપડા નં.૫૬૮૭,બાપુનગર ઝુપડપટ્ટી,અંકુર સોસાયટીની બાજુમાં,રીવર ફ્રન્ટની સામે,મક્કાઈ પુલ ચાર રસ્તા ઉપર સાદીકભાઈ અલીભાઈ અમદાવાદી(પટેલ)ના સ્ટાર એકતાના નામથી ચાલતા મિનરલ વોટર તથા પીવાના પાણીના પાઉચના પ્લાન્ટ અંગે અન્સારી અનીસુર રહમાનનાઓએ તા.૧૪/૦૯/૧૭ ના રોજ શ્રી હેમંત એસ.દેસાઈ સાહેબ,ડેપ્યુટી કમીશનરશ્રીને આપેલ અરજીની નકલ વિગેરે બાબતે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ ફુડ/૨૮૬૨,તા.૧૯/૧૨/૧૭ થી અરજદારને સમયમર્યાદાબાદ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે,વધુમાં જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા અરજદારશ્રીની તા.૦૧/૦૧/૨૦૧૮ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી સામેલ કરી અત્રે મોકલેલ છે,જેમાં અરજદારશ્રીની તા.૦૬/૧૧/૧૭ ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૭૨૦) પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેટર ધ્વારા મને જવાબ મળી ગયેલ હોય અને તેનાથી તેઓને સંતોષ હોય અપીલ અરજી પાછી ખેંચી લીધેલ હોવાનું જણાવેલ છે.આમ અપીલ અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહતી હોવાનું જણાતુ નથી.

## —:: હુકમ ::—

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧/૧૨/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા ં સંતોષકારક જવાબ આપવામાં આવેલ હોય તેવુ અરજદારશ્રીએ તા.૦૧/૦૧/૧૮ ના પત્રથી જણાવી અરજી પાછી ખેંચી લીધી હોવાનું જણાવેલ હોય અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૧/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/53/2017. Dt.03/01/2018.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :–
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૯/૧૨/૨૦૧૭ નાં રોજ અપીલ સત્તાધિકારી,મુખ્ય આરોગ્ય વિભાગ(અર્બન હેલ્થ સેન્ટર) સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગને સ્પીડ પોસ્ટ ધ્વારા તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે,અરજદારની અપીલ અરજીનો અભ્યાસ કરતાં તેઓની તા.૧૫/૧૧/૨૦૧૭ (આઈ.ડી.નં.૧૭૭૪) થી નમુના "ક" ની કરેલ અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદાર મજકુર ધ્વારા તા.૧૫/૧૧/૨૦૧૭ (આઈ.ડી. નં.૧૭૭૪) થી નમુના "ક" ની અરજી પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી,આરટીઆઈ સેલ સુરત મહાનગરપાલિકાના પત્ર નં. આરટીઆઈસેલ/૨૮૦, તા.૨૦/૧૧/૨૦૧૭ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પ્રતિ તબદીલ કરેલ હતી તે પૈકી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને પણ આંશિક તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા પોતાની માહિતી/કામગીરી જે કોઈ માધ્યમ (વેબસાઈટ,/ન્યુઝ પેપર કે અન્ય ધ્વારા કરવા માટે જરૂરી **PROACTIVE DISCLOSURES** માટેના નીતિનિયમો ઠરાવો, કાયદાઓ, ધારાધોરણો વગેરે અંગેની ફાઈલ નોટીંગ શેરા વગેરે સહિતની (૧/૧૧/૨૦૦૫ થી આજ દીન) સુધીની પ્રમાણિત નકલોની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત આરટીઆઈની અરજીના મુદ્દાઓ અનુલક્ષીને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) ધ્વારા વહીવટી તેમજ ખાતાના આંતરીક વ્યવસ્થાના ભાગરૂપે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તથા આરોગ્ય ખાતા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ / અર્બન હેલ્થ સેન્ટરોની **PROACTIVE DISCLOSURES** અંગેની નોટીંગ શેરાની નકલો પાના નંગ–૦૬ નિયત ફી રૂ.૧૨/– ભરપાઈ કરી મેળવવા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ આઉટ/૧૩૮, તા.૩૦/૧૧/૧૭ થી પ્રસ્તાવ આપેલ હોવાનું તથા તે અનુસંધાને અરજદાર ધ્વારા પ્રસ્તાવ સ્વીકારી નિયત ફી રૂ.૧૨/– તા.૦૭/૧૨/૧૭ નાં રોજ સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરેલ હોય જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર.નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૪૫, તા.૧૧/૧૨/૧૭થી માહિતીની નકલ કુલ–૦૬ પાનામાં અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજીથી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૧૫/૧૧/૧૭ ની અરજી (આઈ.ડી.નં.૧૭૭૪) થી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ ધ્વારા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તથા આરોગ્ય ખાતા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ/અર્બન હેલ્થ સેન્ટરોની પ્રોએકટીવ ડીસ્કલોઝર અંગેની નોટીંગ શેરાની નકલો મેળવવા બાબતે અરજદારને દસ્તાવેજી નાણાં રૂ.૧૨/– સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ પ્રસ્તાવ મુજબ અરજદારશ્રી ધ્વારા નકલ ફી ભરપાઈ કરતા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૪૫, તા.૧૧/૧૨/૧૭ થી માહિતીની નકલ કુલ–૦૬ પાનામાં અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. આમ ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને તેઓને લાગત, ઉપલબ્ધ અને તેઓના નિયંત્રણ હેઠળની જરૂરી માહિતી સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાતું હોય, જે આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા સાથે સુસંગત જણાતું હોય અપીલ અરજી બાબતે વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનું આવશ્યક જણાતું નથી, આમ અપીલ અરજી દફતરે કરી તેનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૮

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/57/2018. Dt.22/01/18.
અપીલ અરજી નં.SMC/PHD/FAP/61/2018. Dt.01/02/18.
મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગ.

**અરજદાર ::–**
**સામાવાળા ::–** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ મ્યુનિ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશીને કરવામાં આવેલ કુલ–૦૨ અપીલ અરજીઓ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી)ના પત્ર.નં.સી/એફ.એ.પી/૩૦/૩૧, તા.૧૩/૧૧/૨૦૧૭ થી આરોગ્ય અધિકારીશ્રી (ફુડ વિભાગ) તથા કાર્યપાલક ઈજનેરશ્રી, કતારગામ ઝોનને જરૂરી કાર્યવાહી અર્થે તબદીલ કરવામાં આવેલ હતી,અરજદાર મજકુરની તા.૨૧/૦૯/૨૦૧૭ ની અરજી (આઈ.ડી.નં.૧૪૫૩) તથા તા.૨૫/૦૯/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી. નં.૧૪૭૫) પરત્વે માંગવામાં આવેલ માહિતી નમુના 'ક' ની અરજી સાદર કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી, તેમ જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને ફુડ વિભાગ ધ્વારા તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી.

ઉકત અપીલ અરજીઓ સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૨૧/૦૯/૨૦૧૭ ની અરજી(આઈ.ડી. નં.૧૪૫૩) થી નમુના "ક" ની અરજીથી અડાજણ સહિત અન્ય દુકાનોમાંથી નમુના લેવામાં આવ્યા, જે દુકાનોના નામ, સરનામાં રાજકોટ લેબોરેટરીમાં ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા વિગેરે નકલ સહિત કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,તેમજ તા.૨૫/૦૯/૨૦૧૭ (આઈ.ડી.નં.૧૪૭૫) ની નમુના "ક" ની અરજીથી અરજદારની તા.૧૧/૦૨/૧૩ થી કરેલ સાદી અરજી પરત્વે શું શું કાર્યવાહી કરવામાં આવી ? જે અંગેની માહિતીની નકલ વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત નમુના "ક " ની ઉકત અરજીઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) વિભાગ પ્રતિ અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/અપીલ/આઉટ/૮૪, તા.૨૫/૦૧/૨૦૧૮ થી અપીલ અરજી અન્વયે અરજદારની નમુના "ક"ની અરજીઓથી માંગેલ માહિતી પરત્વે થયેલ કાર્યવાહી/સ્પષ્ટતા મોકલી આપવા જણાવેલ,જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર(ફુડ વિભાગ) ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી સાથે અરજદારની તા.૨૧/૦૯/૨૦૧૭ ની અરજી(આઈ.ડી.નં.૧૪૫૩) તથા તા.૨૫/૦૯/૨૦૧૭ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી. નં.૧૪૭૫)બાબતે તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને લખવામાં આવેલ પત્ર "અમો અરજદારને માંગ્યા મુજબની માહિતી ફુડ ખાતા તરફથી મળી ગયેલ હોય આગળ હમો અરજદારને આ અપીલો અંગે કશું કરવાનું રહેતુ નથી,જેથી મારી ઉપરોકત આઈ.ડી.ના સંદર્ભમાં કરેલ બન્ને અપીલ અરજીઓ દફતરે કરવા વિનંતી." સામેલ રાખી મોકલવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા અરજદારશ્રીના તા.૨૦/૦૧/૨૦૧૮ ના પત્રથી અપીલ અરજીઓ બાબતે કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૦૯/૨૦૧૭ ની અરજી(આઈ.ડી.નં.૧૪૫૩) તથા તા.૨૫/૦૯/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી. નં.૧૪૭૫) પરત્વે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદારને માંગ્યા મુજબની માહિતી ફુડ ખાતા તરફથી મળી ગયેલ હોય આગળ હમો અરજદારને આ અપીલો અંગે કશું કરવાનું રહેતુ ન હોય એમ જણાવી સંતોષ વ્યકત કરેલ હોય તેમજ ઉપરોકત આઈ.ડી.ના સંદર્ભમાં કરેલ અપીલ અરજીઓ દફતરે કરવા અરજદારશ્રીએ તા.૨૦/૦૧/૧૮ ના પત્રથી વિનંતી કરેલ હોય,અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાનું જણાતું હોય,અરજદારની ઉકત બન્ને અપીલ અરજીઓ દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૨/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/59/2018. Dt.28/11/17.
આરોગ્ય વિભાગ.

અરજદાર ::–

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૪૩, તા.૦૧/૦૧/૨૦૧૮ થી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,ડો.આશિ નાયક,ફુડ ખાતાને ઉદ્દેશીને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૩૧૬૯,તા.૧૮/૦૧/૧૮ થી આરટીઆઈની અરજી,અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,અરજદારની તા.૨૮/૧૧/૨૦૧૭ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૮૫૯)પરત્વેની માહિતી નમુના 'ક' ની અરજી સાદર કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમજ સદર માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ નથી તેમ જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૨૮/૧૧/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટર,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી., નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૮૫૯,તા.૨૯/૧૧/૧૭ મુજબ ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારની નમુના "ક" ની અરજીથી ઝુપડા નં.૫૬૮૭,બાપુનગર ઝુપડપટ્ટી,અંકુર સોસાયટીની બાજુમાં,રીવર ફ્રન્ટની સામે,મક્કાઈ પુલ ચાર રસ્તા ઉપર સાદીકભાઈ અલીભાઈ અમદાવાદી(પટેલ)ના સ્ટાર એકતાના નામથી ચાલતા મિનરલ વોટર તથા પીવાના પાણીના પાઉચના પ્લાન્ટ ઉપર સીલ મારવામાં આવેલ હોવા છતા પ્લાન્ટ સીલ હોવા છતા ચાલતો હોવાની તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ આપેલ અરજીની નકલ વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ ફુડ/૨૯૮૭,તા.૩૦/૧૨/૧૭ થી અરજદારને સમયમર્યાદાબાદ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે,વધુમાં જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા અરજદારશ્રીની તા.૦૧/૦૧/૨૦૧૮ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી સામેલ કરી અત્રે મોકલેલ છે,જેમાં તેઓની તા.૨૮/૧૧/૧૭ ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૧૮૫૯) પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેટર ધ્વારા મને જવાબ મળી ગયેલ હોય અને તેનાથી તેઓને સંતોષ હોય અપીલ અરજી પાછી ખેંચી લીધેલ હોવાનું જણાવેલ છે.આમ અપીલ અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહતી હોવાનું જણાતુ નથી.

**–:: હુકમ ::–**

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૧૧/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવેલ હોય તેવુ અરજદારશ્રીએ તા.૦૧/૦૧/૧૮ ના પત્રથી જણાવી અરજી પાછી ખેંચી લીધી હોવાનું જણાવેલ હોય અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦– એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૧/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/62/2018. Dt.19/02/18.
આરોગ્ય વિભાગ.

**અરજદાર ::–**

**સામાવાળા ::–** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી,બધા જ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર,(વરાછા ઝોન)ના પત્ર.નં.ઈસ્ટઝોન/ આર.ટી.આઈ. સેલ/જા.નં/ ૨૪૮૩, તા.૧૨/૦૨/૨૦૧૮ થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી,ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૩૫૫૭,તા.૧૭/૦૨/૧૮ થી આર.ટી.આઈની અરજી, અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે તા.૧૯/૦૨/૨૦૧૮ ના રોજ મળેલ હતી.અરજદારની અપીલ અરજીથી જણાવેલ વિગતે તેઓશ્રીની તા.૧૬/૧૦/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૯૨૯)બાબતે નમુના 'ક' ની અરજી કર્યા પછી એસ.એમ.સી.ના બધાજ વિભાગો ધ્વારા આજ દિન સુધી માહિતી મળેલ નથી તેમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૧૦/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારીશ્રીઓ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને જુની/ડે.ઈજનેરશ્રી, પૂર્વઝોન(વરાછા) ના પત્ર નં.ઇસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/જા.નં./૧૯૮૦,તા.૦૮/૧૧/૧૭(આઈ.ડી.નં.૦૯૨૯(૫૦૦/૮૫૪૩)મુજબ સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગોની સાથે ફુડ વિભાગ પ્રતિ પણ આંશિક તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારની નમુના "ક" ની અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે પૈકી ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૦૯ "ફુડ વિભાગ ધ્વારા કોઈ નકકી કરેલ સમયમર્યાદામાં ચેકીંગ કરવામાં આવે છે અધિકારીશ્રીઓ ઈચ્છા થાય ત્યારે ચેકીંગ કરે અથવા તો કોઈ નાગરીક કરીયાદ કરે તો તેની તપાસ કરવામાં આવે છે આ પ્રોસેસ કોઈ હપ્તા નકકી કરવામાં આવ્યા છે? અનેક વખતે અરજી કરી પછી પણ તેનો ઉકેલ ન આવે તો કોની સામે ફરીયાદ કરી શકાય" વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી,અરજદારશ્રીની સદર અરજીના ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૦૯ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૫૨૨, તા.૧૫/૧૧/૧૭ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું તથા સદર ટપાલ અરજદારને મળ્યા અંગેની પહોંચ પણ ફુડ વિભાગે રજુ કરેલ હોય, જે હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે ફુડ વિભાગને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,ફુડ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

**–:: હુકમ ::–**

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૧૦/૨૦૧૭(આઈ.ડી.નં.૦૯૨૯(૫૦૦/૮૫૪૩) ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૦૯ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા સમયમર્યાદામાં અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય, અપીલ અરજી સબબે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી અને તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦– એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૩/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/54/2017-18. Dt.03/11/2018.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

**અરજદાર :–**

સામાવાળા :–૧)જાહેર માહિતી અધિકારી અને આર.એમ.ઓ.શ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ, સુરત મહાનગરપાલિકા.
૨)જાહેર માહિતી અધિકારી અને એમ.ઓ.શ્રી, કરંજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ, સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદાર મજકુર ધ્વારા તા.૨૭/૧૨/૨૦૧૭ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી તથા તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીન વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ (કુલ–૨) અરજીઓ અપીલ અધિકારી અને આસી.કમિશ્નરશ્રી, વરાછા ઝોનના પત્ર નં.ઈસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૨૨૧૬, તા.૦૧/૧૧/૨૦૧૮ થી આર.ટી.આઈ. ની મુળ અરજીના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૦૩/૦૧/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારની તા.૦૧/૧૧/૨૦૧૭ ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૯૫૦) પરત્વેની નમુના 'ક' ની અરજી કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૧૧/૨૦૧૭ થી મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ તથા કરંજ અર્બન હેલ્થ સેન્ટર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી ઈસ્ટ ઝોનના પત્ર નં.ઈસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૯૫૭, તા.૦૩/૧૧/૨૦૧૭ થી મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારની ઉકત નમુના "ક" ની અરજીથી કરંજ તથા વરાછા અર્બન હેલ્થ સેન્ટરની વસ્તી, વિસ્તારની રેકર્ડ આધારીત માહિતી, આ વસ્તીમાં ૯ થી ૧૯ વર્ષ ઉંમર પ્રાપ્ત કરનાર ફકત કિશોરીઓની માહિતી વિગેરે બાબતે કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

(૩) ઉકત વિગતે અરજદારની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/અપીલ/૮૦, તા.૦૪/૦૧/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી, કરંજ હેલ્થ સેન્ટર પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસર(વરાછા અ.હે.સે.અને મે.હોમ) ના પત્ર નં.વીઆરએસસી/૬૧૧, તા.૦૯/૦૧/૨૦૧૮થી જણાવેલ છે કે,"અરજદારની આર.ટી.આઈ.ની અરજી આઈ.ડી.નં.૯૫૦ (૫૦૦/૮૫૬૦) વરાછા ઝોનના આર.ટી.આઈ.સેલ ધ્વારા મુખ્ય કચેરી, આરોગ્ય વિભાગ (વહીવટી–રૂમ નં.૮) માં આવેલ વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમને ફાળવેલ ટપાલના ખાનામાં બારોબાર નાખવામાં આવેલ, જે અરજી તા.૦૪/૦૧/૧૮ના રોજ તેઓના વિભાગને પ્રાપ્ત થયેલ હોય, સદર અરજીનો સમયસર નિકાલ થઈ શકેલ ન હોવાથી સદર બાબતે અરજદારને મૌખિક રીતે જાણ કરી અરજીના નિકાલ સંદર્ભે મુદત આપી અરજદારને માહિતી પુરી પાડવા અંગેની કાર્યવાહી ત્વરીત શરૂ કરી દેવામાં આવેલ છે" તેમ જણાવેલ છે, જયારે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કરંજ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમના પત્ર નં.૩૨૪, તા.૧૦/૦૧/૧૮ મુજબ "અરજદાર મજકુરની ઉપરોકત વિષય પરત્વેની આર.ટી.આઈ.ની અરજી અત્રેના કરંજ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમને મળેલ નથી" તેમ જણાવેલ હોય, અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/૧૫૯, તા.૨૩/૦૧/૧૮થી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, વરાછા ઝોન પ્રતિ અરજદાર મજકુરની આરટીઆઈ એકટ હેઠળની અરજી આપના વિભાગમાંથી જાહેર માહિતી અધિકારીશ્રીઓને કઈ તારીખે, કયા આઉટવર્ડ નંબરથી મોકલવામાં આવી તથા અરજી મળ્યા બદલની પહોંચ/ટપાલ બુકમાં કયા કર્મચારી ધ્વારા સહી કરવામાં આવેલ છે તથા તે અંગેની જવાબદારી કયા કર્મચારી/અધિકારીની થાય છે વિગેરે બાબતની માહિતી અત્રેના વિભાગને દિન–૩ માં મોકલવા જણાવેલ, જે અન્વયે ઉકત બાબતની પુર્તતા અત્રે મળેલ ન હોય, ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઇએસટી/પીએચ/ આરટીઆઈ/૧૬૭, તા.૦૮/૦૨/૧૮થી જણાવવામાં આવેલ હતું, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (વરાછા ઝોન)ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/આઉટ/૨૫૦૨, તા.૧૫/૦૨/૧૮થી "સદર અરજદારની આરટીઆઈની અરજી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આવેલ વરાછા અર્બન હેલ્થ સેન્ટરના ટપાલના ખાનામાં પટાવાળા મારફત ખાનામાં નાખવામાં આવેલ હતી, જે ખાનામાં નાખવામાં આવતી ટપાલોની ટપાલ બુકમાં નોંધ કરવામાં આવતી ન હતી,પરંતુ વહીવટી કાર્યમાં વિક્ષેપ ન પડે તે બાબતે કોઈપણ ટપાલ ટપાલબુકમાં નોંધ કરીને જ મોકલવા વરાછા ઝોનના આરટીઆઈ સેલને તાકીદ કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે", જયારે કરંજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમને ઉપરોકત વિષય પરત્વેની અરજદારની આર.ટી.આઈ.ની અરજી મોકલેલ/મળેલ હોવા બાબતે કોઈ ઉલ્લેખ સદર પત્રમાં થયેલ હોવાનું જણાતું નથી.

(૪) ઉકત હકીકતે અરજદારની તા.૧/૧૧/૧૭ ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમના પત્ર નં.વીઆરએચસી/આરટીઆઈ/૬૨૩, તા.૧૫/૦૧/૨૦૧૮થી તેઓના વિભાગને લાગત માહિતી અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની તા.૦૧/૧૧/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ ધ્વારા તેઓને સદર અરજી તા.૦૪/૦૧/૧૮ના રોજ વિલંબીત મળેલ હોવાનું કારણ દર્શાવી અરજદારને મૌખિક રીતે જાણ કરી તા.૧૫/૦૧/૧૮થી તેઓના વિભાગને લાગત માહિતી અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (વરાછા ઝોન) ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/આઉટ/૨૫૦૨, તા.૧૫/૦૨/૧૮ મુજબ "અરજદારશ્રીની આરટીઆઈની અરજી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આવેલ વરાછા અર્બન હેલ્થ સેન્ટરના ટપાલના ખાનામાં પટાવાળા મારફત ખાનામાં નાખવામાં આવેલ હતી, પરંતુ વહીવટી કાર્યમાં વિક્ષેપ ન પડે તે બાબતે કોઈપણ ટપાલ ટપાલબુકમાં નોંધ કરીને જ મોકલવા વરાછા ઝોનના આરટીઆઈ સેલને તાકીદ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે", જયારે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી, કરંજ અર્બન હેલ્થ સેન્ટરને અરજદારની તા.૦૧/૧૧/૨૦૧૭ ની આર.ટી.આઈ.ની અરજી પ્રાપ્ત થયેલ ન હોવાનું જણાવેલ હોય, પ્રથમ અપીલ અરજી તથા નમુના 'ક' ની અરજીની ઝેરોક્ષ નકલ રેડી રેફરન્સ અર્થે આ સાથે સામેલ રાખેલ છે, જે અન્વયે આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) મુજબ અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યાના દિન—૦૫ માં અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફીસરશ્રી, કરંજ અ.હે.સે. અને મેટ. હોમને જણાવવામાં આવે છે.

વધુમાં ઉપરોકત હુકમ બાબતે ઉકત પેરા—(૩)ની વિગતે અન્ય ખાતા/જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી/પુર્તતા/સ્પષ્ટતા મેળવીને કરવામાં આવેલ હોય દિન—૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી. જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦— એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૪/૨૦૧૮

ઈ.ચા. ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/64/2017-18. Dt.01/03/2018.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :–
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય),સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૪/૦૨/૨૦૧૮ ના રોજ મ્યુનિ.કમિશ્નરશ્રી/અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૮૬, તા.૨૬/૦૨/૨૦૧૮ થી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી અત્રે તા.૦૧/૦૩/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ હતી, અરજદારની ઉકત અપીલ અરજીથી તેઓએ તા.૧૧/૦૧/૨૦૧૮ (આઈ.ડી.નં.૨૨૦૮) થી નમુના "ક" ની કરેલ અરજી પરત્વે માહિતી અધિનિયમ–૨૦૦૫ ની જોગવાઈ મુજબ ૩૦ દિવસમાં નમુનો "ખ" કે "ગ" નમુનામાં પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ નમુના "ક" થી માંગેલ માહિતી વિનામુલ્યે પુરી પાડવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૧/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારીશ્રી, સેવા સદન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.,નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૨૨૦૮ મુજબ વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, જે પેકી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ પ્રતિ પણ અરજી તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીથી કુલ–૨૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત અરજીના મુદ્દાઓનો અભ્યાસ કરતા મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગને લાગત મુદ્દા નં. ૦૧ તથા ૦૭ ની આંશિક માહિતી બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૬૬, તા.૦૨/૦૨/૧૮ થી અરજદાર મજકુરને આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા મધ્યસ્થ મહેમા (આરોગ્ય)વિભાગની "નીલ" માહિતી છે તે મુજબનું પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે અરજીના મુદ્દા નં.૧૦ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રોસીકયુશન ઈન્સપેકટરશ્રી, (આરોગ્ય)વિભાગને લાગત જણાતા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/આઉટ/૧૬૫, તા.૦૨/૦૨/૧૮ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, અરજદારની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીની તા.૧૧/૦૧/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૨૦૮) થી માંગવામા આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા ઉકત વિગતે લાગત મુદ્દા.નં.૦૧ તથા ૦૭ ની આંશિક માહિતી બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/આઉટ/૧૬૬, તા.૦૨/૦૨/૧૮ થી અરજદાર મજકુરને આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબની જોગવાઈનો ઉલ્લેખ કરી રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે તે મુજબનો અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે,જયારે અરજીના મુદ્દા નં.૧૦ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રોસીકયુશન ઈન્સપેકટરશ્રી, (આરોગ્ય)વિભાગને લાગત જણાતા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/આઉટ/૧૬૫, તા.૦૨/૦૨/૧૮ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય,અરજદારની અપીલ અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે..

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૪/૨૦૧૮

એપલેટ ઓફીસર અને
પર્સોનેલ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/68/1/2018. Dt.08/03/2018.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય )વિભાગ.

**અરજદાર :–**
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૧/૦૩/૧૮ ના રોજ એપેલેટ અધિકારી,પર્સોનેલ ઓફિસર,આરોગ્ય વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/ સે.ઝોન/આઉટ/૨૯૨, તા.૦૧/૦૩/૨૦૧૮ થી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગને મોકલવામાં આવેલ હતી,જે પર આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા પી.ઓ.(એચ)નો શેરો કરવામાં આવેલ,જે અરજી મુખ્ય કચેરી,આરોગ્ય વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/ઈન/૮૫૪૪,તા.૦૬/૦૩/૧૮ થી અરજદારની આરીઆઈની અરજી સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી,અરજદારની તા.૩૧/૧૨/૨૦૧૭ ની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આજ દિન સુધી પુરી પાડેલ ન હોવાનું જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૮/૦૩/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારશ્રીની તા.૩૧/૧૨/૧૭ ની(આઈ.ડી.નં.૩૫૧) ની આરટીઆઈની અરજીથી (A) Please provide a certified copy of Documents showing Amount Spend Under Swachh Bharat Mission From Surat Municipal Corporation by Year wise for 5 Years(2011-2012 to 2016-2017), (B) Please Provide a certified copy of Documents showing Amount/Grant Received from central and state Govt Under Swachh Bharat mission for Surat Swachh mission by Year wise for last 5 years (2011-2012 to 2016-2017),(C) Please Provide a certified copy of Documents showing Amount offered to Surat Municipal Corporation by central and State Govt under Swachh Bharat mission by Year wise for last 5 years (2011-2012 to 2016-2017), (D) Please Provide a certified copy of Documents showing terms and condition for swachh Bharat mission work, percentage of Grant which offered by Central and state Govt Guideline for how to spend Amount under Swachh Bharat Mission, Guideline for how to claim Amount under Swachh Bharat Mission વિગેરે બાબતની કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે અરજી પરત્વેની માહિતી અરજદારને ન મળતાં ઉકત વિષય પરત્વેની આરટીઆઈની અરજી બાબતે અત્રેના વિભાગ ધ્વારા પત્ર.નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/ ૧૭૪,તા.૦૯/૦૩/૧૮ અન્વયે સેકશન ઓફિસર,આરોગ્ય વિભાગ (મુખ્ય કચેરી) પ્રતિ અરજદારની આરટીઆઈની અરજી તેઓના વિભાગને કયારે પ્રાપ્ત થઈ ? તે કયા વિભાગને કઈ તારીખે કયા નંબરથી તબદીલ કરવામાં આવેલ હતી વિગેરે બાબતની દિન–૩ માં પુર્તતા કરવા જણવતાં તેઓ ધ્વારા જણાવેલ કે,અરજદારની ઉકત વિષય પરત્વેની અરજી તા.૦૪/૦૧/૨૦૧૮ ના રોજ સ્વચ્છ ભારત મિશન વિભાગને મોકલવામાં આવેલ હોવાનું જણાવતાં અત્રેની કચેરીએથી પત્ર.નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૯૩,તા.૧૭/૦૩/૧૮ થી આસી. કો–ઓર્ડીનેટરશ્રી,મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ભારત અભિયાન વિભાગને અરજદારની ઉકત અરજી પરત્વે અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી અથવા તેઓના વિભાગમાંથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો મોકલવા જણાવવામાં આવેલ પરંતુ તેઓના વિભાગમાંથી સદર બાબતે કોઈ પ્રત્યુત્તર અત્રેની કચેરીને મળેલ હોવાનું જણાતું નથી.પ્રસ્તૃત કિસ્સામા આરોગ્યને લગતી નીતિ વિષયકથી લઈને તમામ આનુસાંગિક માહિતી માટે (મહેકમ વિભાગ સિવાય) જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારી (સેન્ટ્રલ ઝોન)ની નિમણુંક કરવામાં આવેલ હોય આરટીઆઈની અરજીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત જણાતા હોય તો તે માહિતી અરજદારને પરભારે પુરી પાડવાની રહે છે અન્યથા સંબંધિત સત્તા મંડળને અરજી તબદીલ કરવાની રહે છે અથવા તો તે બાબતની "નીલ" માહિતી અરજદારને તેઓની કક્ષાએથી પુરી પાડવાની રહતી હોવા છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર.નં.સીઝેડ/ના.આ.અ./આ/૧૬૮ તા.૨૬/૦૩/૨૦૧૮ થી અરજદારની આરટીઆઈની અરજીથી માંગેલ માહિતીના મુદ્દા.નં.૧ થી ૪ પરત્વેની પુરી પાડવા જોગ માહિતી તથા નકલો બાબતે સમયમર્યાદા બાદ દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા બાબતે અરજદારને પ્રત્યુત્તર પાઠવવાની જગ્યાએ પર્સોનેલ ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ પ્રતિ કાર્યવાહી કરવા જણાવેલ છે,જે ધ્યાને લેતાં અરજદારની ઉકત અરજી તેઓને પ્રાપ્ત થયેલ હોવાનું માનવાને કારણ બને છે,આમ તેઓશ્રી તરફથી ઉકત નમુના–"ક" ની અરજી પરત્વે સમયમર્યાદાબાદ પણ અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી,જે યોગ્ય જણાતું નથી.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૩૧/૧૨/૧૭ ની(આઈ.ડી.નં.૩૫૧)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સેન્ટ્રલ ઝોન,(આરોગ્ય)વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ પરત્વેની માહિતી ઉકત જણાવેલ વિગતે અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય,અરજદાર મજકુરની અરજીથી માંગેલ માહિતી આર.ટી.આઈ.એકટની જોગવાઈને અનુલક્ષીને ઉપલબ્ધ રેકર્ડ આધારીત આપવાની થતી માહિતીની નકલ આર.ટી.આઈ એકટની કલમ–૭(૬)અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યેથી દિન–૦૩ માં અરજદારને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સેન્ટ્રલ ઝોન,(આરોગ્ય) વિભાગને જણાવવામાં આવે છે.

વધુમાં ઉપરોકત હુકમ અન્ય ખાતા/જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય દિન–૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી.જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૪/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.